# જિલ્લામાંથી વધુ બે કેસ સ્વાઈન ફલુના મળ્યા

**બન્ને મહિલા દર્દી : સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાં ૨૫ નોંધાયા : ૪૧ દર્દી સાજા થઈ જતાં સારવારનો અંતો રજા અપાઈ**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફલુના વધુ બે કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૫૦ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આજે મળી આવેલા બન્ને કેસ દર્દી મહિલા છે. જિલ્લામાં આ વખતે સ્વાઈન ફલુમાં મહિલા દર્દીઓ મળી આવ્યા હોઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

આ બન્ને દર્દીઓ હાલ સારવાર હેઠળ છે અને બન્ને દર્દીની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે. આ રોગને કારણે જિલ્લામાં અત્યાર સુધી ૪૧ દર્દી સંપૂર્ણ રીતે સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ માત્ર બે દર્દી જ સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મળી આવેલા આ બન્ને દર્દીઓમાં એક જે.એન.એસ.યુ.ની ૨૩ વર્ષની વિદ્યાર્થીની છે જ્યારે નભોઈની એક ૬૫ વર્ષની વૃદ્ધાનો સમાવેશ થાય છે. તંત્રએ દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સઘન સર્વેલન્સના આદેશો જારી કર્યા છે. જો કે સર્વેલન્સ દરમ્યાન નવો કોઈ શંકાસ્પદ કેસ નહિ મળ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આ બે કેસ સાથે ગાંધીનગર તાલુકામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૨૫ થઈ છે. માણસામાં ૬, દહેગામમાં ૧૦ અને કલોલમાંથી નવ કેસ અત્યાર સુધીમાં નોંધાયા છે.



પરમ તેજે તું લઈ જા... - પ્રકાશ પર્વના આગમનના પગલે સમગ્ર વાતવરણને ઝળહળતું કરવા ગ્રામીણ વિસ્તારમાં માટીકામ કારીગરો રાતદિવસ એક કરી હજ્જારો દિવડાઓનું નિર્માણ કરી રહ્યા છે... પ્રકાશ પાથરવાના પુરુષાર્થ પાછળ શ્રમિકાનો પરસેવો પણ મહત્વની ભૂમિકા ભજવે છે... નાનકડા ખૂણામાં અવિરત ચાલતો આ પુરુષાર્થ કેવો જાજરમાન પ્રકાશ પાથરશે...

# પંચાયતના સરદાર હોલનું રિનોવેશન કરવા માટે કારોબારી સમિતિમાં નિર્ણય

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની નવરચિત કારોબારી સમિતિની આજે મળેલ પ્રથમ બેઠકમાં જ સરદાર પટેલ સભાખંડના રિનોવેશન અંગે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

અમૃતાબેન ગણપતસિંહ ઠાકોરના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં ચાલુ બેઠક દરમ્યાન જ કેટલાક માઈકો બગડેલા જણાયેલા હતા ત્યારે કાર્યપાલક ઈજનેરે સિસ્ટમ નવી લાવવાનું સૂચન કર્યુ હતુ. આ બાબતને લઈ સભ્યો અને ચેરમેને તુરત જ કહ્યુ હતુ કે સાહેબ આખો હોલ રિનોવેશન માંગે છે તે અંગેની જરૂરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરો માત્ર સાઉન્ડ સિસ્ટમ બદલવાથી નહિ ચાલે.

તેમણે આ અંગે જરૂરી કાર્યવાહી કરી અને સમગ્ર કામગીરીને મંજૂરી આપવા સહિતની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીને આપવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

આજની બેઠકમાં બધા જ નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા હતા. જો કે કલોલ ખાતેના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમને કારણે જિલ્લા વિકાસ અધિકારી કોયા નિયત સમય કરતાં થોડા મોડા પહોંચ્યા હતા એટલે બેઠક થોડીક વિલંબથી શરૂ થઈ હતી.

# સે-૬માં નવા આવાસોની સ્થળ પસંદગી માટે નાયબ મુખ્યમંત્રીએ સ્થળ મુલાકાત લીધી

**બી અને સી કક્ષાના આવાસો બાંધવાનુ કામ હજુ અટવાયેલુ : છેલ્લા ૬ મહીનાથી જગ્યાની પસંદગી થતી નથી : ઓછી જગ્યામાં વધુ આવાસ બાંધવા માટે આયોજન ટુંકમાં આખરી કરાશે**

ગાંધીનગર તા ૨૬

શહેરના સે-૬ માં જુના અને જોખમી સરકારી આવાસો તોડી નાંખવામાં આવ્યા બાદ નવા સરકારી આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે આજે આ મામલે નાયબ મુખ્યમંત્રીએ વિભાગના અધિકારીઓ સાથે સે-૬ ના વિસ્તારની મુલાકાત લઈ ઓછી જગ્યામાં વધુ આવાસો બાંધવા માટેનુ આયોજન કરવા પણ સુચના આપી હતી. જો કે નવા બી અને સી કક્ષાના આવાસો સે-૬ માં બાંધવા માટે ટુંકમાં જ આયોજન કરવામાં આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

શહેરમાં સરકારી આવાસો બાંધવા માટે હજુ સુધી સ્થળ પસંદગી થઈ નથી. સરકારી આવાસો ખંડેર બનતા જાય છે. જયારે બીજીતરફ નવા આવાસો બાંધવાના મામલે છેલ્લા ૬ મહીનાથી જગ્યાની પસંદગીનો મામલો અટવાયો છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવસો કંગાળ અને જોખમી હાલતમાં છે. ત્યારે કર્મચારીઓને નવા આવાસો ફાળવવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. આવા સંજોગોમાં નવા આવાસો બાંધવાનુ કામ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. અગાઉ શહેરના સે-૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવા આવાસો બાંધવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે આ આવાસોમાં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ કરી દેવાયો છે. જયારે બીજીતરફ તંત્ર દ્વારા થોડા સમય અગાઉ સરકારી આવાસો તોડવામાં આવ્યા બાદ ખાલી જગ્યાનો સર્વે હાથ ધરી ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન પણ કરવામાં આવ્યુ હતુ. જેના અંતે નવા આવાસો બાંધવા માટે જગ્યાની પસંદગી કરવાનુ કામ સરળ બને પરંતુ હજુ સુધી નવા બી અને સી કક્ષાના આવાસો બાંધવા માટે જગ્યા પસંદ થઈ નથી. નવા આવાસો બાંધવાની યોજના છેલ્લા ૬ મહીનાથી અટવાયેલી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ઝિકાને પગલે સઘન સર્વેલન્સ

**સર્વેલન્સમાં શુક્રવારે ૬૨ સ્થાનોએ એડીસના બ્રિડીંગ મળ્યા : શહેરમાં ડેન્ગ્યુના કેસો વધીને ૧૨૯ થયા છે : તંત્ર સતર્ક બની કામગીરી કરી રહ્યુ છે**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં ઝિકા વાયરસને લઈ સર્વેલન્સ સઘન કરવામાં આવી રહ્યુ છે. પાંચ હજારથી વધુ મકાનોના ૧૦ હજાર જેટલા પાત્રોની આજે ચકાસણી કરવામાં આવી હતી જેમાં ૬૨ જેટલા સ્થાનો પર એડીસ મચ્છરના બ્રિડીંગ મળી આવતાં તંત્રની ટીમો દ્વારા પોરાનાશક કામગીરી અને એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી હતી.

સે. ૨, ૧૩, ૨૧, ૨૬, ૨૭ અને ઈન્દ્રોડામાં આ સર્વેલન્સની

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં પેયજળની કોઈ સમસ્યા નહિ થાય

**જિલ્લામાં ૪ જૂથ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા હાલ ૧૭૪.૫ એમ.એલ.ડી. પાણી નર્મદામાંથી અપાઈ રહ્યુ છે : આમાં ગાંધીનગર શહેર સહિતના નગરોનો સમાવેશ થાય છે**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં આગામી દિવસોમાં પણ પેયજળને લઈ કોઈ સમસ્યાઓ ઉભી થશે નહિ. જિલ્લામાં હાલ ૧૭૧ જેટલા ગામોને નર્મદાનું પાણી આપવામાં આવી રહ્યું છે.

જિલ્લા પાણી સમિતિની મળેલ બેઠકમાં પેયજળને લઈ સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હોવાનું જણાવતાં જિલ્લા કલેક્ટર લાંગાએ જણાવ્યુ હતુ કે આમ છતાંય કોઈ વિકટ સ્થિતિ ઉભી થાય તો રૂ. ૩ કરોડની ખાસ જોગવાઈ રાખવામાં આવી છે જેથી બોર બનાવી શકાય.

આ યોજનામાં ૧૦ ટકા લોકફાળા પેટે જે તે ગ્રામજનોએ જમા કરાવવાના રહેશે અને ૯૦ ટકા નાણાં સરકાર દ્વારા ખર્ચ પેટે ચુકવવામાં આવશે.

પત્રકારો સાથેની વાતચીતમાં જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે નર્મદાના પાણી માટે જિલ્લાના ૨૯૧ ગામો છે તે તમામને નર્મદાના નેટવર્કથી સાંકળી લેવામાં આવ્યા છે. ૪ જૂથ પાણી પુરવઠા યોજનાઓ અમલમાં છે અને દરેકને પાણી પાઈપલાઈનો દ્વારા આપવામાં આવે છે. તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં હાલ ૧૭૪.૫ એમ.એલ.ડી. પાણીનો જથ્થો નર્મદામાંથી આપવામાં આવી રહ્યો છે. જેમાં ગાંધીનગર શહેરને ૫૦ એમ.એલ.ડી., દહેગામને ૨.૫ એમ.એલ.ડી., માણસાને ૫ એમ.એલ.ડી., કલોલને ૧૩.૫૦ એમ.એલ.ડી., પેથાપુરને ૧.૫૦ એમ.એલ.ડી. પાણી આપવામાં આવી રહ્યુ છે. જ્યારે જિલ્લાના ચાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારો માટે ગાંધીનગર તાલુકામાં ૯ એમ.એલ.ડી, દહેગામમાં ૧૦ એમ.એલ.ડી., માણસામાં ૧૩ એમ.એલ.ડી. અને કલોલમાં ૧૪ એમ.એલ.ડી. પાણી આપવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેક્ટર લાંગાએ જણાવ્યુ હતુ કે ઔદ્યોગિક હેતુ અને અન્ય પાણી પણ અલગથી આપવામાં આવી રહ્યું છે. જિલ્લામાં ૧૨૦ ગામોમાં ડ્યુઅલ સ્રોત છે અને આ ગામો પણ નર્મદાનું પાણી મેળવે તેવો આગ્રહ છે.

# ગુજરાતમાં ડિસેમ્બરમાં બેંક કર્મીઓ હડતાળ પાડશે

નવીદિલ્હી,તા. ૨૬

ડિસેમ્બર મહિનામાં બેંક કર્મચારીઓ રાષ્ટ્રવ્યાપી હડતાળ ઉપર જવાની તૈયારી કરી રહ્યા છે. હજુ સુધી તારીખની જાહેરાત કરાઈ નથી. ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન દ્વારા આ હડતાળ પાડવામાં આવનાર છે. હડતાળમાં ગુજરાતમાંથી ૭૫૦૦૦ બેંક કર્મચારી જોડાશે. ઈન્ડિયન બેંક એસોસિએશન દ્વારા બેંક કર્મચારીઓને ઓફર કરાયેલા છ ટકાના સૂચિત પગાર સુધારાને લઈને નારાજગી છે. ઉપરાંત બેંક ઓફ બરોડા, દેના બેંક અને વિજ્યા બેંકના મર્જરને લઈને પણ નારાજગી છે. ૧૯૬૯ બાદથી આશરે ૪૭ બેંકોનું મર્જર થઈ ચુક્યું છે. મર્જર કોઈ નવી વાત નથી પરંતુ મર્જરના અનુભવ અમે જાણીએ છીએ. દેખીતીરીતે બેંક શાખાઓને બંધ કરવામાં આવી છે.



જય ઉમિયા મા - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ સહિત રાજ્યના વિવિધ સ્થળો પર ઉમિયા માતાજીના રથનું પરિક્રમણ પ્રથમ નવરાત્રીથી આરંભાયું છે... છેલ્લા દસ દિવસથી અમદાવાદના વિવિધ વિસ્તારોમાં ઉમિયા રથને ભારે આવકાર મળી રહ્યો છે... પાટીદાર સમુદાયના વિસ્તારોમાં પૂજન-અર્ચન, આરતી થાય અને સાથોસાથ સામાજીક એકતાના શપથ પણ લેવાય છે.. આવનારા દિવસોમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા વિશાલ જગ્યામાં અદ્યતન શિક્ષણ સંકુલ નિર્માણ પામશે...

# સે-૨૬ કિસાનનગર નવરાત્રી ચોકમાં જગ્યા ફાળવવા માટે નાયબ મુખ્યમંત્રીને રજુઆત

**ત્રણ દાયકા પુર્વે રલેવે ટ્રેકને અડીને જગ્યા ફાળવવામાં આવી હતી : સોસાયટીના રહીશોને મુંઝવણ : નવરાત પર્વ દરમિયાન સ્થાનિક અગ્રણીઓએ ભાજપના નેતાઓને રજુઆત કરી**

ગાંધીનગર તા ૨૬

સે-૨૬ કિસાન નગર સોસાયટીમાં ધાર્મિક હેતુ માટે ત્રણ દાયકા પુર્વે રેલવે સ્ટેશનને અડીને જગ્યા ફાળવવામાં આવી હતી. જયારે આ જગ્યા સેકટરના નવરાત્રિ ચોકમાં ફાળવવા માટે સ્થાનિક અગ્રણીઓએ સરકારને રજુઆત કરી છે. જયારે મામલે સરકારે પણ હકારાત્મક અભિગમ દાખવતા ટુંકમાં આ સમસ્યાનુ નિરાકરણ આવી જશે તેવી આશ પણ સ્થાનિકોમાં પ્રબળ બની છે.

સે-૨૬ કિસાન નગરને ધાર્મિક હેતુ માટે રેલવે ટ્રેકને અડીને જગ્યા ફાળવવામાં આવી છે. પરંતુ આ માટે સેકટરના કોમન પ્લોટમાં નવરાત્રી ચોકમાં જગ્યા આપવા માટે સ્થાનિક અગ્રણીઓએ સરકારને રજુઆત કરી છે. સે-૨૬ કિસાન નગર સોસાયટીના પ્રમુખ એસ એસ પટેલ તેમજ ઉપપ્રમુખ આર જે ગોલ અને મહામંત્રી એન જે ચૌધરીએ આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ સે-૨૬ કિસાનનગરમાં છેલ્લા ૨૧ વર્ષથી નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જયારે આ વર્ષે પણ નવરાત મહોત્સવ અંતર્ગત ગરબાની રમઝટ જામી હતી. સી સી ટી વી કેમેરાની વોચ અને પુરતી સલામતી વ્યવસ્થા સાથે ખૈલેયાઓ માટે પીવાનુ પાણી સહીતની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. જયારે માતાજીના ગુણગાન સાથે રોજબરોજ સમુહ આરતીનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે નવરાત દરમિયાન શહેર ભાજપના આગેવાનોએ પણ આરતીનો લાભ લીધો હતો. આ દરમિયાન શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્ર દાસને સ્થાનિકોએ જગ્યા સંદર્ભે રજુઆત કરી હતી. સ્થાનિક અગ્રણીઓના જણાંવ્યા મુજબ ધાર્મિક હેતુ માટે સરકારે રેલવે ટ્રેકને અડીને ફાળવેલી જગ્યાના બદલે સોસાયટીને નવરાત્રી ચોકમાં જગ્યા આપવામાં આવે તે માટે અગાઉ નાયબ મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી હતી. જો કે આ મામલે માર્ગ મકાન વિભાગ, જિલ્લા કલેકટર તેમજ સી ટી પી એ પણ હકારાત્મક અભિગમ દાખવ્યો હોવાનુ સ્થાનિકોએ જણાંવ્યુ છે. જયારે જગ્યાની ફાળવણીના મામલે નવા પસંદગીના સ્થળે અગ્રતા આપવામાં આવે તે માટે સ્થાનિક નેતાઓએ પણ પુરતી રજુઆત કરી સ્થાનિકોની લાગણી સંતોષાય તે માટે ખાત્રી આપી છે.

## લોહાણા બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી અમૃતલાલ લક્ષ્મીરામ ઠક્કર (નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક) તા.૨૫/૧૦/૧૮ ના રોજ દેવલોક પામેલ છે. સદ્ગતનું બેસણું તા. ૨૮/૧૦/૧૮ રવિવારના રોજ નીચેના સ્થળે/સમયે રાખેલ છે.

સ્થળ :- ઉમિયા ભવન, કલેક્ટર કચેરીની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર
સમય :-બપોરે ૨ -૦૦ થી ૫-૦૦

નટવરલાલ લક્ષ્મીરામ ઠક્કર

પ્રેરણાબેન પી. ઠક્કર — સંજય એ. ઠક્કર
જાગૃતીબેન સી. ઠક્કર — દિપક એન. ઠક્કર
ઈશાન ઠક્કર/વેદાંત ઠક્કર — ડૉ. વિપુલ એન. ઠક્કર

સ્વ. લક્ષ્મીરામ પુંજારામ પરિવાર (વારાહીવાળા)

સાસરી પક્ષનું બેસણું ઉપરના સમયે સ્થળે રાખેલ છે.
સ્વ.જેસીંગભાઈ દેવરામભાઈ ઠક્કર પરિવાર (શિહોરીવાળા)

## બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી સવિતાબેન હિંમતલાલ ત્રિવેદીનું તા. ૨૫-૧૦-૨૦૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્ગતનું બેસણું તા. ૨૮/૧૦/૨૦૧૮, રવિવાર સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કડવા પાટીદાર સમાજ, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર

લિ.

હરીશ ત્રિવેદી (ટેક્ષ એડવોકેટ), મીના ત્રિવેદી, અમી ત્રિવેદી, કથન ત્રિવેદી
પ્રતિક ભટ્ટ, હેતલ ભટ્ટ, રીશી ભટ્ટ
સ્વ. સુભાષ ત્રિવેદી, જ્યોત્સના ત્રિવેદી, નિકુંજ ત્રિવેદી, કામિની ત્રિવેદી, પ્રિશા ત્રિવેદી

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે - સમયે રાખેલ છે.
સ્વ. માણેકલાલ મગનલાલ ત્રિવેદી પરિવાર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE · CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com